# નેશનલ ઇ-સાઇકલ સ્કીમના નિયમો અને શરતો
## (આવડતો અને આત્મવિશ્વાસને લગતા સત્રો અને આયોજનો માટે)

19 મે 2023

જીવંત (લાઇવ)

## 1. પ્રસ્તાવના

1.1. આ નિયમો અને શરતો નેશનલ ઇ-સાઇકલ સ્કીમ ("સ્કીમ") હેઠળ 'મેકિંગ સાઇકલિંગ ઇ-ઍઝિયર (સાઇકલ ચલાવવી વધારે સરળ બનાવવી)' ઇવેન્ટ ("ઇવેન્ટ") માટે તમારા બુકિંગને લાગુ પડે છે.

1.2. ઇવેન્ટમાં જગ્યાનું બુકિંગ કરાવીને, તમે મંજૂરી આપો છો કે તમે ઇવેન્ટમાં હાજર રહેવા ઇચ્છો છો અને તમારા અલાયદા બુકિંગ કન્ફર્મેશનમાં નિર્ધારિત કર્યા પ્રમાણે, તમને ઇવેન્ટમાં પ્રવેશ આપવા અને તમને ઇવેન્ટ દરમિયાન ઉપયોગમાં લેવા એક ઇલેક્ટ્રિક બાઇસિકલ ("ઇ-સાઇકલ"), સહાયક સાધનો અને જોડાણો આપવા અમે સંમતિ આપી છે.

1.3. આ ઇવેન્ટ અને ઇ-સાઇકલ અને સાથે આપેલા કોઈ સહાયક સાધનો (લાઇટો, તાળા, અને હેલ્મેટ સહિતના સાધનો)નો તમારો ઉપયોગ મહત્તમ 2 કલાકથી વધારે ચાલશે નહિ અને તમને તે મફતમાં પૂરું પાડવામાં આવે છે.

1.4. ઇવેન્ટનું બુકિંગ કરાવીને અને અમારી બુકિંગ મેનેજમેન્ટ સિસ્ટમ પર સંબંધિત ખાના પર નિશાની કરીને, તમે આ નિયમો અને શરતો ("નિયમો")ને અનુરૂપ થવા અને તેની સાથે બંધાયેલા રહેવા સંમત થાવ છો.

1.5. એક ઇ-સાઇકલ ઉછીની (લોન પર) લેવાને અલગ નિયમો અને શરતો લાગુ પડી શકે, જે અમે તમને અલગથી ઉપલબ્ધ કરાવીશું.

1.6. કૃપા કરી નોંધી લેશો કે જો તમે આમાંની કોઇપણ શરતોનું ઉલ્લંઘન કરો તો, અમે તમને ઇવેન્ટમાં પ્રવેશવાની છૂટ આપવાનું નકારી શકીએ અને/અથવા તમને ઇવેન્ટ છોડીને જવાની જરૂર પડી શકે.

## 2. અમારા વિશે અને સ્કીમને લગતી માહિતી

2.1. અમે સાઇકલિસ્ટ્સ ટુરિંગ ક્લબ છીએ (વેપારી નામ - સાઇકલિંગ UK છે) અને ઇંગ્લેન્ડ અને વેલ્સમાં કંપની નંબર 25185 થી ઇન્કોર્પોરેટેડ અને નોંધાયેલા છીએ અને ચેરિટી નંબર 1147607 થી ઇંગ્લેન્ડ અને વેલ્સમાં ચેરિટી તરીકે અને સ્કોટલેન્ડમાં ચેરિટી નંબર SC042541 થી નોંધાયેલા છીએ, અમારી રજીસ્ટર્ડ ઑફિસ અહીં આવેલી છેઃ Parklands, Railton Road, Guildford, Surrey GU2 9JX ("Cycling UK").

2.2. આ સ્કીમનો હેતુ ઇ-સાઇકલ્સ માટે જાહેર જનતાની જાગરૂકતા અને સમજ વધારવાનો, અને તેના વપરાશની ગતિ વધારવાનો છે. અમને સ્કીમનું વિતરણ કરવા ડિપાર્ટમેન્ટ ઑફ ટ્રાન્સપોર્ટ પાસેથી ભંડોળ મળ્યું છે.

2.3. તમે આ શરતો, ઇ-સાઇકલ, ઇવેન્ટ અને/અથવા સ્કીમને સંબંધિત કોઈ પ્રશ્નો માટે ઇમેઇલ મોકલીને અમારો સંપર્ક કરી શકો છો: bookings.makingcyclingeasier@cyclinguk.org

## 3. ઇવેન્ટ બુકિંગ

3.1. ઇવેન્ટમાં જગ્યાનું બુકિંગ કરાવવા, તમે અવશ્યપણે:

3.1.1. 16 કે વધારે વર્ષની ઉંમરના;એક નિપુણ અને સક્ષમ સાઇકલિસ્ટ હોવા રહ્યાં;

3.1.2. ખાતરી કરાવો કે બુકિંગ પ્રક્રિયા દરમિયાન તમે પૂરા પાડેલા બધાં ડેટા સચોટ, સંપૂર્ણ છે અને ગેરમાર્ગે દોરનારા નથી;

3.1.3. આ શરતો સાથે સંમત થવું રહ્યું.

3.2. અમે ઇવેન્ટમાં હાજર રહેવાની તમારી બુકિંગ વિનંતી નકારવાની પૂરેપૂરી વિવેકબુદ્ધિ અનામત રાખીએ છીએ.

3.3. તમારે ઇવેન્ટમાં હાજર રહેતી વખતે તમારી ઓળખનો પુરાવો (દા.ત., ડ્રાઇવિંગ લાઇસન્સ, પાસપોર્ટ, UK બાયોમેટ્રિક રેસિડન્સ પરમિટ (BRP), એઝિલમ રજીસ્ટ્રેશન કાર્ડ (ARC), નોન-UK નેશનલ ID કાર્ડ વગેરે અથવા કાર્યસ્થળે કે શૈક્ષણિક કેન્દ્રમાં વિતરણ કરેલો ઇવેન્ટ માટેનો સ્ટાફ / NHS / સ્ટુડન્ટ ID પાસ) પૂરો પાડવો રહ્યો, અને તમારે તમારું બુકિંગ કન્ફર્મેશન પણ તમારી સાથે લાવવું રહ્યું. ફોટો ID પ્રાધાન્ય પસંદગી ધરાવે છે, પણ અમે યુટિલિટી બિલ, કાઉન્સિલ ટેક્સ બિલ, કે છેલ્લાં 3 મહિનાનું બેંક સ્ટેટમેન્ટ પણ સ્વીકારીએ છીએ જો તમારી પાસે કોઈ ફોટો ID ના હોય, અને તે તમારું પૂરું નામ અને સરનામું બતાવતું હોય.

3.4. ઇવેન્ટ તમારા બુકિંગ કન્ફર્મેશનમાં જણાવેલી તારીખ અને સમયે શરૂ અને પૂરો થાય છે.

3.5. દેખરેખ રાખવાના અને મૂલ્યાંકન હેતુસર, ઇવેન્ટનું બુકિંગ વ્યક્તિગત ધોરણે કરાવવું રહ્યું. દરેક બુકિંગ માત્ર બુકિંગ કન્ફર્મેશન પર જણાવેલી વ્યક્તિ માટે માન્ય રહે છે અને તમે દરેક ઇવેન્ટ માટે માત્ર એક વ્યક્તિનું બુકિંગ કરાવી શકો છો. કોઈ શંકાને ટાળવા માટે, સહભાગીઓ એકથી વધારે ઇવેન્ટમાં હાજર રહેવાને પાત્ર છે.

3.6. તમે અમારી દેખરેખ રાખવાની અને મૂલ્યાંકન કરવાની પ્રક્રિયામાં સહભાગી થવા સંમત થાવ છો, જેમાં પ્રિ-ઇવેન્ટ (ઇવેન્ટ પહેલાંનો) સર્વે અને બે પોસ્ટ-ઇવેન્ટ (ઇવેન્ટ પછીના) સર્વે સામેલ છે. તમે સર્વેમાં અનામી રહીને જવાબ આપી શકો છો.

3.7. ઇવેન્ટમાં તમારી સહભાગિતા પછી, સાઇકલિંગ UK અથવા ડિપાર્ટમેન્ટ ઑફ ટ્રાન્સપોર્ટના મૂલ્યાંકન ભાગીદાર, Steer (સ્ટીયર), તમને સ્કીમ, ઇવેન્ટમાં આગળ સંશોધનમાં ભાગ લેવા આમંત્રિત કરવા, અને તેમાં તમારી સહભાગિતા માટે તમારો સંપર્ક કરી શકે.

## 4. તમારી બંધનકારક ફરજો

4.1. ઇવેન્ટમાં હાજર રહેતી વખતે, તમારે અવશ્યપણે:

4.1.1. આ શરતો અને લાગુ કાયદાઓનું પાલન કરવું રહ્યું;

4.1.2. ઇ-સાઇકલ અને બીજા કોઈ સાધનનો વ્યાજબી અને જવાબદારીપૂર્વક ઉપયોગ કરવો રહ્યો;

4.1.3. ઇ-સાઇકલ અને બીજા કોઈ સાધનનો ઉપયોગ અમારા ઇવેન્ટ સ્ટાફે પૂરી પાડેલી બધી સૂચનાઓ અનુસાર કરવો રહ્યો;

4.1.4. તમને અમારા ઇવેન્ટ સ્ટાફે પૂરી પાડેલી બધી આરોગ્ય અને સુરક્ષા સૂચનાઓ અને માર્ગદર્શન અનુસરવા રહ્યાં; અને

4.1.5. ઇવેન્ટ સ્ટાફ અને અન્ય સહભાગીઓ સાથે વિનમ્રપણે અને આદરપૂર્વક વ્યવહાર કરવો રહ્યો અને ઇવેન્ટમાં ઇવેન્ટ સ્ટાફે બનાવેલી કોઈ સૂચનાઓ કે શરતોનું પાલન કરવું રહ્યું.

4.2. ઇવેન્ટમાં હાજર રહેતી વખતે, તમારે અવશ્યપણે આ કરવું નહીં:

4.2.1. તમને પૂરી પાડેલી ઇ-સાઇકલ કે બીજી કોઈ સામગ્રી, સાધન અને સહાયક સાધનોને નુકસાન, બગાડવાનું કે તોડફોડ કરવી નહીં;

4.2.2. રેસિંગ, સ્ટંટ કે ટ્રિક રાઇડિંગ માટે ઇ-સાઇકલનો ઉપયોગ કરવો નહીં;

4.2.3. ઇવેન્ટમાં દારૂનું સેવન, તીવ્ર દવા કે અન્ય દવાઓના પ્રભાવ હેઠળ ઇવેન્ટમાં હાજર રહેવું નહીં;

4.2.4. અમારી સ્પષ્ટ પરવાનગી વગર ઇવેન્ટ સ્થળ, ઇ-સાઇકલ, કોઈ સહભાગી કે અમારા ઇન્સ્ટ્રક્ટર(રો)ના ફોટા લેવા નહીં;

4.2.5. અમારી સ્પષ્ટ પરવાનગી વગર તમારા મોબાઇલ ફોનનો ઉપયોગ કરવો નહીં;

4.2.6. અસામાજિક, અસભ્ય, જાતિવાદી, લૈંગિકવાદી, અપ્રિય કે આક્રમક રીતે વર્તવું નહિ જેમાં સમાવેશ થાય છે (પરંતુ આટલા સુધી સીમિત નથી) એ રીતો જે અન્ય લોકો માટે ચોંકાવવાનું, ગુનાહિત કે સંતાપનું કારણ બને, અથવા એ રીતે જે અમારા ઇવેન્ટ સ્ટાફ કે બીજા કોઈ સહભાગી માટે સતામણીમય બને.

4.3. ઇવેન્ટના અંતે, અમે તમને ઇવેન્ટ દરમિયાન આપેલી ઇ-સાઇકલ અને બીજી કોઇપણ સામગ્રી, સહાયક સાધનો કે અન્ય સાધન તમને આપેલી સરખી સ્થિતિમાં તમારે અમને પરત કરવી રહી.

4.4. અમે અમારી પૂરેપૂરી વિવેકબુદ્ધિમાં, ઇવેન્ટમાં તમારી સહભાગિતા નકારવાનો અને/અથવા તમને ઇવેન્ટમાંથી કાઢી મૂકવાનો અધિકાર અનામત રાખીએ છીએ જો તમારી વર્તણૂકને અમે અન્ય સહભાગીઓ, ઇવેન્ટ સ્ટાફ, અમારા કોઇ એજન્ટો અને/અથવા સામાન્ય જનતાની દૃષ્ટિએ અપ્રિય, ગેરકાયદેસર, ધમકાવનારી, અપમાનજનક, અયોગ્ય, નુકસાન પહોંચાડવા જેવી સંભવિત, અથવા લોકોના આનંદ, આરામ કે સુરક્ષાને ક્ષતિ પહોંચાડનારી વિચારીએ, અથવા જો તમે અન્યથા આ શરતોનો ભંગ કરો. આમાં એ રીતે કાર્ય કરવાનો સમાવેશ થાય છે જે મિલકતને નુકસાન પહોંચાડવાનું કારણ બને અથવા તેવી શક્યતા રહે (જેમાં ઇ-સાઇકલ સામેલ છે, પણ તેના સુધી સીમિત નથી).

4.5. તમને કોઈ વળતર પૂરું પાડવામાં આવશે નહિ જો તમને ઉપરની પેટાકલમ 4.4 માં દર્શાવેલા સંજોગોમાં કોઈ ઇવેન્ટમાંથી કાઢી મૂકવામાં આવે, અને તમારું અથવા તમારા કોઈ પક્ષકાર સભ્યનું ભાવિ ઇવેન્ટ્સ (અથવા સમાન) માટે આગળ કોઈ બુકિંગ્સ નકારવાનો અધિકાર અમે અનામત રાખીએ છીએ.

4.6. અમે તમારા દ્વારા થયેલા કોઈ નુકસાન, હાનિ, વિલંબ કે ખર્ચ માટે, અથવા તમે ઇવેન્ટમાં લાવ્યા હો તેવી કોઇ મિલકત, તમારા કબજાની વસ્તુઓ, પદાર્થો કે સરખી વસ્તુઓને થતું કોઈ નુકસાન, તેની ચોરી કે તે

ગુમાવવા બદલ જવાબદાર નથી. કોઈ શંકાને ટાળવા માટે, અમે તમારા પ્રત્યેની અમારી જવાબદારી કોઇપણ રીતે બાકાત કે સીમિત કરતા નથી જ્યાં એવું કરવું ગેરકાયદેસર હોય. એક રીતે જોઇએ તો, આ શરતોમાંની કોઇપણ અમારી બેદરકારીને લીધે કારણભૂત થતું મૃત્યુ કે અંગત ઇજા માટે અમારી જવાબદારીને કોઇપણ રીતે બાકાત કે સીમિત કરતી નથી, અથવા છેતરપિંડી કે છેતરપિંડીભર્યા અર્થઘટન માટે, અથવા બીજી કોઇપણ બાબત માટે જે ગેરકાયદેસર હોય અથવા અમારી જવાબદારી બાકાત કે સીમિત કરવો (અથવા બાકાત કે સીમિત કરવાનો પ્રયત્ન કરવો) અમારા માટે ગેરકાયદેસર હોય.

## 5. સુરક્ષા અને સલામતી

5.1. અમે ઇચ્છીએ છીએ કે તમે અમારા ઇવેન્ટ્સમાં હાજર રહો ત્યારે તમારો અનુભવ સુરક્ષિત અને આનંદમય રહે. ઉપરની પેટાકલમો 4.1 અને 4.2 માં જણાવેલી અમારી વપરાશ જરૂરિયાતોનું પાલન કરવા ઉપરાંત, અમે વિનંતી કરીએ છીએ કે તમે ઇવેન્ટ દરમિયાન સાવચેતી રાખો અને યોગ્ય નિર્ણયો લો, અને અમે દૃઢપણે સલાહ આપીએ છીએ કે તમે અમારા ઇવેન્ટ્સમાં સહભાગી થાવ ત્યારે હેલ્મેટ પહેરો અને યોગ્ય સુરક્ષા સાધન અને વસ્ત્રો ઉપયોગમાં લો.

5.2. તમે સ્વીકારો છો કે સાઇકલિંગમાં જોખમો રહે છે અને મંજૂર કરો છો કે તમે એક સક્ષમ સાઇકલિસ્ટ છો જેઓ ઇવેન્ટમાં સુરક્ષિતપણે અને જવાબદારીપૂર્વક સાઇકલ ચલાવશે. તમે એ ખાતરી કરાવવા જવાબદાર છો કે તમે ઇ-સાઇકલનો સુરક્ષિતપણે ઉપયોગ કરવા શારીરિક રીતે સક્ષમ છો અને તમે સ્વીકારો છો કે તમે તમારા પોતાના જોખમે સવારી કરો છો.

5.3. અમારા દરેક ઇવેન્ટમાં હાજર રહેતી વખતે તમારી અંગત વસ્તુઓની દેખરેખ રાખવી એ તમારી પોતાની જવાબદારી રહે છે.

5.4. તમારે અમારા દરેક ઇવેન્ટમાં હાજર રહેતા પહેલાં અમને બધી સંબંધિત તબીબી માહિતી પૂરી પાડવી રહી અને તમે હાજર રહેવા સાનુકૂળપણે તંદુરસ્ત અને સ્વસ્થ હોવાની ખાતરી કરવી તે એકમાત્ર તમારી પોતાની જવાબદારી છે. જો તમે અચોક્કસ હો તો, કૃપા કરી અહીં ઇમેઇલ મોકલીને અમારો સંપર્ક કરો: bookings.makingcyclingeasier@cyclinguk.org.

## 6. બાકાતકરણ અને મોકૂફી

6.1. જો તમને કોઈ ઇવેન્ટમાંથી બાકાત કરતી આ શરતો હેઠળના અમારા કોઈ અધિકારો ઉપરાંત, તમે કોઇપણ સમયે આ શરતોનું (પેટાકલમો 4.1 અને 4.2 હેઠળની અમારી વપરાશ જરૂરિયાતો સહિત, પણ એટલી જ સીમિત ન રહેતા) અને/અથવા કોઈ લાગુ કાયદાઓનું પાલન ન કરો તો, અમે સ્કીમમાં તમારી સહભાગિતા બાકાત કે નિલંબિત કરીએ તેવું બની શકે.

6.2. જ્યાં આવું બિન-અનુપાલન ગુનાહિત પ્રકૃતિ હોઈ શકે, જેમાં ઇ-સાઇકલની ચોરી સામેલ છે (પણ એટલે સુધી સીમિત નથી), અમે આ બાબત અને બધી સંબંધિત માહિતીની જાણ પોલીસને કરવાનો અધિકાર અનામત રાખીએ છીએ. પોલીસે મેળવેલી માહિતી (પછી ભલે તે અમારી પાસેથી કે ત્રાહિત પક્ષ પાસેથી મેળવી હોય) સ્કીમમાં સહભાગી થવામાંથી તમને બાકાત કે નિલંબિત કરવા ઉપયોગમાં લેવામાં આવે તેવું બની શકે.

6.3. જો તમને સ્કીમમાંથી બાકાત કે નિલંબિત કરવામાં આવે તો, અમે અમારી પોતાની વિવેકબુદ્ધિને અધીન તમારું ઇવેન્ટ બુકિંગ રદ કરીએ તેવું બની શકે.

## 7. જવાબદારી અને વીમો

7.1. ઇવેન્ટમાં તમારા વપરાશ દરમિયાન ઇ-સાઇકલ અને કોઇપણ સહાયક સાધનો અમારી મિલકત (અથવા અમારા ભાગીદારોની મિલકત, લાગુ પડે તે મુજબ) બની રહે છે.

7.2. ઇવેન્ટ દરમિયાન તમારા વપરાશ માટે તમને પૂરી પાડેલી ઇ-સાઇકલ અને બીજી કોઈ સામગ્રીઓ ગૂમ થાય, ચોરાઇ જાય કે તેને નુકસાન થાય તે માટે તમે જવાબદાર રહો છો.

7.3. અમે આ શરતો હેઠળ અમારા વ્યાજબી નિયંત્રણ બહાર ઇવેન્ટ્સથી કારણભૂત અમારી ફરજોમાં થતો કોઈ વિલંબ કે નિષ્ફળતા માટે જવાબદાર નથી.

7.4. અમે ચોક્કસ કાર્યસ્થળોએ યોજાતા ઇવેન્ટ્સ માટે, TIER (ટિયર) ઇ-સાઇકલ પર પૂરા પડાતા Qi (વાયરલેસ) ચાર્જિંગ અને/અથવા મોબાઇલ ફોન હોલ્ડર્સ બગડવા માટે કે તેની નિષ્ફળતા માટે જવાબદાર નથી.

7.5. સાઇકલિંગ UK ઇવેન્ટના સંબંધમાં જાહેર જવાબદારી વીમો જાળવી રાખે છે.

## 8. ડેટા સંરક્ષણ

8.1. અમે તમારી અંગત માહિતીનો ઉપયોગ કેવી રીતે કરીએ તેનું સંચાલન અમારી ગોપનીયતા નીતિ (લિંક નીચે સમાવી છે) કરે છે. કૃપા કરી ગોપનીયતા નીતિની સમીક્ષા કાળજીપૂર્વક કરશો. https://www.cyclinguk.org/article/making-cycling-e-asier-privacy-notice

## 9. રદકરણ

9.1. તમે તમારા ઇવેન્ટ બુકિંગમાં સુધારો કે રદ કરાવવા ઇમેઇલથી અમારો સંપર્ક અહીં કરી શકો: bookings.makingcyclingeasier@cyclinguk.org

9.2. તમે કોઇપણ ઇવેન્ટનું બુકિંગ બીજી કોઈ વ્યક્તિને તબદીલ કરી શકતા નથી અથવા બુકિંગ કન્ફર્મેશન પર યાદીબદ્ધ નામ બદલી શકતા નથી.

9.3. તમારું ઇવેન્ટ બુકિંગ સ્કીમ ચાલુ રહેવા સુધી શરતી રહે છે. તમે કરાવેલું ઇવેન્ટ બુકિંગ અમે કોઇપણ કારણસર રદ કરવાનો અધિકાર આરક્ષિત રાખીએ છીએ, જેમાં સ્કીમ પૂરી થવી, પ્રતિકૂળ હવામાન સ્થિતિઓ કે ઇવેન્ટ સુરક્ષિતપણે પહોંચાડવામાં અક્ષમતા સામેલ છે (પણ એટલે સુધી સીમિત રહેતું નથી).

## 10. ફરિયાદો

10.1. જો તમને આ શરતો, તમારું બુકિંગ, કે ઇવેન્ટ વિશે કોઇ પ્રશ્નો હોય, અથવા તમે ફરિયાદ કરવા ઇચ્છો તો, કૃપા કરી અમારો સંપર્ક અહીં ઇમેઇલથી કરો: bookings.makingcyclingeasier@cyclinguk.org

## 11. અપડેટ્સ

11.1. અમે આ નિયમો અને શરતો સમયાંતરે બદલીએ કે અદ્યતન કરીએ તેવું બની શકે.

## 12. અન્ય

12.1. તમારે તમારી સંપર્ક વિગતોમાં કોઈ ફેરફાર અમને વહેલામાં વહેલી તકે વ્યવહાર્ય હોય ત્યારે જણાવવો રહ્યો (અને કોઇ ઇવેન્ટમાં, ઇવેન્ટની તારીખ પહેલાં), તે માટે તમે અમારો સંપર્ક ઇમેઇલથી અહીં કરી શકો છો: bookings.makingcyclingeasier@cyclinguk.org.

12.2. તમે અને અમારા સિવાય બીજી કોઈ વ્યક્તિ આ કરાર સાથે પક્ષકાર બનતી નથી. અન્ય કોઈ વ્યક્તિ પાસે આમાંની કોઈ શરતો લાગુ કરવા કોઈ અધિકારો રહેશે નહીં.

12.3. તમે આ શરતો હેઠળ તમારા કોઈ અધિકારો બીજી કોઈ વ્યક્તિને તબદીલ કે ફાળવી ન શકો તેવું બની શકે.

12.4. આ શરતોનો દરેક ફકરો અલગથી કાર્ય કરે છે. જો કોઈ કોર્ટ કે સંબંધિત સત્તાવાળા નક્કી કરે કે આમાંની કોઈ શરતો ગેરકાયદેસર છે તો, બાકીના ફકરાઓ લાગુ પડતા પ્રમાણ સુધી અમલમાં અને અસરમાં રહેશે (અને તે પ્રમાણે અર્થઘટન થશે).

12.5. આ શરતો હેઠળ કોઈ અધિકાર કે જોગવાઇ લાગુ કરવામાં નિષ્ફળતાથી આવા અધિકાર કે જોગવાઇની માફીનું નિર્માણ થશે નહીં.

12.6. જો શરતોનું બીજી કોઈ ભાષામાં ભાષાંતર કરવામાં આવે અને શરતોની આવૃત્તિઓ વચ્ચે કોઈ અસંગતતા હોય તો, આમાં અંગ્રેજી આવૃત્તિને અગ્રતા આપવામાં આવશે.

12.7. આ શરતો ઇંગ્લિશ અને વૅલ્સ કાયદાથી સંચાલિત છે અને આ શરતોના સંદર્ભમાં આપણાં વચ્ચે કોઈ વિવાદોની સુનાવણી ઇંગ્લિશ અને વૅલ્સ કોર્ટમાં થશે.